અપીલ અરજી નં.૪૦૬ તા.૧૯–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
એડી.સીટી ઈજનેર (સીવીલ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૦૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોન, કતારગામઝોન, વરાછાઝોન તેમ ત્રણેય ઝોન વિસ્તારના પરવાનગી વગરના, માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી જગ્યામાં ઉભાં થયેલ કે થઈ રહેલ ગેરકાયદે બાંધકામો તથા બાંધકામ ધારકો તથા સર્વે નં., બ્લોક નં., ફા.પ્લોટ નં. તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી. મુદ્દા નં.ર ઉપરોકત બાંધકામ ધારકોને ધી બી.પી.એમ.સી.એકટ મુજબ જો કારણદર્શક નોટિસ આપેલ હોય તો તેની સમયમર્યાદા તેમજ ત્યારબાદ આજસુધી થયેલ કાર્યવાહીની નકલ સહિતની સંપૂર્ણ માહિતિ. મુદ્દા નં.૩ દબાણ રજીસ્ટરે (રેકર્ડ ઉપર) ન ચઢાવેલ ગેરકાયદે બાંધકામો(દબાણો) તથા દબાણધારકો તથા સર્વે નંબર, બ્લોક નંબર, ફા.પ્લોટ નંબર તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂણ માહિતિ. મુદ્દા નં.(૪) ઉપરોકત ત્રણેય મુદ્દાઓ માં કાર્યવાહી ન થયેલ હોય તો તે કાર્યવાહી જે અધિકારીને કરવાની થતી હોય તેવા જુની.ઈજનેર, આસી.ઈજનેર અને ડે.ઈજનેરનાં નામ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૬/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૦૩–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોન, કતારગામઝોન, વરાછાઝોન તેમ ત્રણેય ઝોન વિસ્તારના પરવાનગી વગરના, માર્જીનની જગ્યામાં કે અન્ય કોઈ સરકારી જગ્યામાં ઉભાં થયેલ કે થઈ રહેલ ગેરકાયદે બાંધકામો તથા બાંધકામ ધારકો તથા સર્વે નં., બ્લોક નં., ફા.પ્લોટ નં. તેમજ કરાયેલ દબાણ અને બાંધકામના ક્ષેત્રફળ સહિતની સંપૂર્ણ માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૧૪૭૧ તા. ૧૧–૧૧–૧૧, એડી.સીટી ઈજનેર (સીવીલ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થ ઝોન/આઉટ / નં.૫૧૩૦ તા.૨૪–૧૦–૧૧તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૫૫૩ તા. ૨૪–૧૦–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ તપાસણી માટે થયેલ રોજકામની નકલ સહ વિગતો મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૦ તા.૨૪–૧૧–૧૧થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.૫૫૩ તા.૯–૧૨–૧૧ થી નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોન પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૨૦૫ તા.૪–૧૦–૧૧ થી વરાછા અને કતારગામ ઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ /૫૫૩તા.૨૪–૧૦–૧૧ થી આપેલ માહિતિના પત્રની નકલ અત્રેના વિભાગને મોકલવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીસેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ /આઉટ/૧૬૬૩ તા.૭–૧૨–૧૧ થી પુરી પડાયેલ વિગતમાં નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/ આઉટ/ ૧૪૭૧ તા.૧૧–૧૧–૧૧ થી આપેલ માહિતિના પત્રની નકલ , પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૨૦૫ તા.૪–૧૦–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૨૦૫ તા.૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામ તથા વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૧૪૭૧ તા. ૧૧–૧૧–૧૧, એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થ ઝોન/આઉટ / નં.૫૧૩૦ તા.૨૪–૧૦–૧૧ તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૫૫૩ તા. ૨૪–૧૦–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આઉટ નં./૧૪૭૧ તા. ૧૧–૧૧–૧૧થી મુદ્દા નં.૧ માં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં પરવાનગી વગરના કે અન્ય કોઈ સરકારી જમીનમાં થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામની માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં.ર માં સેન્ટ્રલ ઝોનમાં થઈ રહેલ બાંધકામો અંગે અત્રેથી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હોય તે બાબતનાં અત્રેના ઉપલબ્ધ રેકર્ડ/ રજી.ની ચકાસણી કરી જવા જણાવવામાં આવે છે. ચકાસણી માટે પ્રથમ અડધા કલાક કોઈ ફી નથી. ત્યારબાદ અડધા

કલાકના રૂા.૨૦/– લેખે ફી ભરપાઈ કરવાના રહેશે. તેવું સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.૩ માં માંગ્યા મુજબની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.૪ માં સેન્ટ્રલઝોનમાં હાલમાં ડે.ઈજનેર તરીકે (૧) શ્રી ડી.ડી.મહેતા, (૨)શ્રી આર.સી. પટેલ, (૩) શ્રી બી.એલ.સિંહોરા, (૪) જયેશ આર.સોલંકી ફરજ બજાવે છે. શહેર વિકાસ વિભાગમાં (૧)આસી.ટાઉન પ્લાનરશ્રી આશુતોષ દેસાઈ, (૨) જુની.ઈજનેરશ્રી જે.એન.શાહ, (૩) જુની.ઈજનેરશ્રી ધર્મેશ મહેતા (૪) જુની. ઈજનેરશ્રી તૃષાર પટેલ, (૫) જુની.ઈજનેરશ્રી ઉમંગ પટેલ ફરજ બજાવે છે. તેવું જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તરફથી પત્ર નં. નોર્થ ઝોન/આઉટ / નં.૫૧૩૦ તા.૨૪–૧૦–૧૧ થી મુદ્દા નં. ૧ થી ૪ ના સંયુકત જવાબમાં કતારગામઝોન વિભાગમાં તા.૧–૧–૨૦૧૦ થી. તા.૩૦–૯–૨૦૧૧ સુધીમાં થયેલ ગેકાયદેસર બાંધકામ બાબતે માહિતી માંગેલ છે. જે વિશે વિસ્તૃત અને વિભાજીત માહિતી થતી હોય તેમના હિત સંદર્ભે નોર્થઝોન (કતારગામ) કચેરીનો રજા સિવાયના દિવસોમાં સંપર્ક કરી માહિતી અધિકાર અધિનિયમ અનુસાર ફી ભરપાઈ કરી સંબંધિત રેકર્ડનું ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી લેવા જણાવેલ. તેવું સમય અવધિમાં જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૫૫૩ તા. ૨૪–૧૦–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ ના સંયુકત જવાબમાં તેમના માંગ્યા મુજબની માહિતી પૈકી વરાછાઝોન અંગેની માહિતી માટે વરાછાઝોનની કચેરીએ ચાલુ ઓફિસ સમય દરમયાન તા.૧૬–૧૧–૧૧ ના રોજ સાંજે ૪–૦૦ થી ૬–૦૦ કલાકે રૂબરૂ હાજર રહી દફતરી ચકાસણી કરી માહિતી મેળવી લેવા પ્રબંધ કરશો. તેવું સમય અવધિમાં જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં માંગેલ માહિતી ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી દફતરી ચકાસણી કરવા જણાવેલ જેના અનુસંધાને તા.૧૮–૧૧–૧૧ ના રોજ સાંજે ચાર વાગે ગયા હતા અને ત્યાં ફરજ પર હાજર જુની. ઈજનેર જે.એન. શાહ સાથે બેસી જે રજીસ્ટરો ઉપસ્થિત હતા તેની ચકાસણી કરી કારણદર્શક નોટીસોની નકલોની માંગણી કરેલ જે આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ ત્યાર બાદ તેઓ કાર્યપાલક ઈજનેર ડી.એમ.પટેલને મળી વિગતો જણાવેલ. આ અધિકારી ધ્વારા અરજદારને અલાયદી રજુઆત અને લેખિત અરજી આપવાનું જણાવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી દફતરી ચકાસણી કરવા જણાવેલ જેના અનુસંધાને અરજદાર તા.૨–૩/૧૧/૧૧ ના રોજ બપોરે ત્રણ વાગ્યે ગયેલ ત્યાં કોઈ જ જવાબદાર અધિકારીઓ હાજર હતા નહિ. ત્યાર બાદ તા.૪–૧૧–૧૧ ના રોજ સાંજે ચાર વાગ્યે ફરીથી ગયેલ જયાં ફરજ પર હાજર શૈલેષ પટેલ ધ્વારા અમુક બે ત્રણ રજીસ્ટર બતાવેલ અને બાકીના રજીસ્ટરો જેઓની પાસે છે તે અધિકારીઓ ડિમોલીશનના કામમાં હોવાથી તે રજીસ્ટરો હાલ મળી શકેલ નહીં તેવી રીતે બહાના બતાવી દફતરી તપાસણી કરવા દિધેલ નહી અને જે તપાસણી થયેલ તેની કારણદર્શક નોટીસોની નકલો અમોને આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને આ તપાસણી જે કરેલ તેનો કોઈ રેકર્ડમાં નોંધ કરેલ નહીં તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી દફતરી ચકાસણી કરવા જણાવેલ જેના અનુસંધાને અરજદાર તા.૧૭–૧૧–૧૧ ના રોજ દફતરી ચકાસણી કરેલ અને કારણદર્શક નોટીસોની નકલ આપવાનું જણાવતા આ નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ પરંતુ આપેલ નહીં તેવુ જણાવેલ.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી તપાસણી દરમ્યાન લાગત અધિકારી અન્ય કામમાં રોકાયેલ હોવાથી જે રજીસ્ટરો તેઓને દફતરી તપાસ ણી કરવા દીધેલ નહીં તેવા રજીસ્ટરોની પ્રસ્તાવ અનુસાર તપાસણી આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ– ૫(૨) હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી દિન–૭માં પુરી પાડવા તથા તપાસણી દરમ્યાન માંગે તેની નકલો લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી તપાસણી દરમ્યાન કારદર્શક નોટીસો આપવાનું જણાવેલ જે અંગે મુળ અરજીના પરીપ્રેક્ષમાં પ્રસ્તાવ અનુસાર તેની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ– ૫(૨) હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી દિન–૭માં પુરી પાડવા તથા તપાસણી પુરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મુળ અરજીના પરીપ્રેક્ષમાં અરજદારે ચકાસણી દરમ્યાન જે કારણદર્શક નોટીસોની માંગણી કરેલ છે તેની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન,/ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)......જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ